THIRD EDITION.

A GUIDE TO ENGLISH GRAMMAR.

BY

C. D. NANAVATI,

AND

TRIKAMLAL M. MEHTA.

Published by

Manilal Dolatram Patel

Price Rs. 0—3—6.

A GUIDE

TO

ENGLISH GRAMMAR.

WITH

EXPLANATIONS IN GUJARATI

AND

MODELS OF PARSING

FOR THE USE OF

ANGLO VERNACULAR STANDARDS

II, III, & IV.

BY

CHHOTALAL D. NANAVATI.

AND

TRIKAMLAL MOHANLAL Mehta.

Assistant Masters, Mission High School,

AHMEDABAD.

PUBLISHED BY,

MANILAL DOLATRAM PATEL.

Book—seller & Publisher.

THIRD EDITION

Price Rs. 0-3-6

AHMEDABAD.

PRINTED AT THE "ARYODAYA" PRESS.

Prefatory note to this Edition.

As this Grammar has been already popular it has been thought not to make any material change in its construction and hence this edition is almost a reprint of the last one.

Ahmedabad. 1st June 1901, } **M. D. Patel.** Publisher.

Preface to the Second Edition.

The repid sale of a large number of copies of this book and the urgent demand for a new edition of the same, lead us to think that our first attempt has met with sufficient success at the hands of the student-public, and we now seize the opportunity thus afforded to try to revise and enlarge it so as to bring it up to the present requirements and thus extend the sphere of its action. It is our earnest hope that the new matter here added may be of further advantage to our readers.

This edition has gone through the Press in the midst of many pressing engagements, and despite our care, some mistakes, typographical and otherwise, may have passed unnoticed. We shall feel highly thankful for having our attention drawn to such as our readers may come across

AHMEDABAD, Haja Patel's pole 1st October 1899. } **Chhotalal Dh. Nanavati,** AND **Trikamlal M. Mehta,** Compilers.

Preface to the First Edition.

The want of a really good and practical Manual of English Grammar explained in English as well as in Gujurati for the boys of the 2nd, 3rd and 4th Standards of Anglo Vernacular Schools has long been felt. To meet this want is the chief aim of the writers of this book.

In this work we claim no originality but on the contrary, we are very grateful to those authors whose works we have freely consulted in compiling this little book. Any friendly remarks and suggestions for the improvement of the book will be thankfully received and considered for the next edition.

AHMEDABAD
Haja Patel's Street.
15st November 1897.

Chhotalal D. Nanavati
AND
Trikamlal M. Mehta.
Assistant Masters,
Mission High School.
AHMEDABAD

NOTES

ON

English Grammar.

1. **Grammar** explains the proper use of language. વ્યાકરણ એટલે શુદ્ધ બોલવાની તથા લખવાની વિધા. **English Grammar** teaches us to speak and write the English language correctly. અંગ્રેજી વ્યાકરણ એટલે અંગ્રેજી ભાષા શુદ્ધ બોલવાની તથા લખવાની વિધા. **English Grammar** is divided into four parts, i. e. 1. Orthography (અક્ષરવિચાર), 2. Etymology (શબ્દવિચાર,) 3. Syntax (વાક્ય વિચાર), 4 Prosody (કવિતા વિચાર).

Orthography (અક્ષર વિચાર).

2. **Orthography** treats of letters. વ્યાકરણના જે ભાગમાં અક્ષરોનું વર્ણન કર્યું હોય તે ભાગને અક્ષરવિચાર કહેછે. There are twenty-six letters in the English alphabet (મુળાક્ષર) out of which, *a, e, i, o, u*, are vowels (સ્વર); also *w* and *y* when they do not begin a word or a syllable (પદ); and the rest are consonants (વ્યંજન). અંગ્રેજી મુળાક્ષરો ૨૬ છે, તેમાં સાત સ્વર છે ને બાકીના બધા વ્યંજન છે. A **Vowel** is a letter which can be sounded by itself. જે અક્ષરનો ઉચ્ચાર કરતાં બીજા અક્ષરની મદદ લેવી પડતી નથી તેને સ્વર કહે છે. A **Consonant** is a letter which cannot be sounded with-

out the help of a vowel. જે અક્ષર સ્વરની મદદ વિના બોલાતો નથી તેને વ્યંજન કહે છે.

Etymology (શબ્દવિચાર.)

3. **Etymology** treats of words. શબ્દ વિચાર એટલે શબ્દ કેટલા છે તેનો તથા તેના ભેદનો વિચાર. The different classes into which words are divided are called **Parts of Speech.** અંગ્રેજી ભાષામાં શબ્દોના આઠ જુદા જુદા વર્ગ પાડેલા છે તેને 'Parts of speech' કહે છે. તે નીચે પ્રમાણે છે:-

1 Noun (નામ), 2 **A**djective (વિશેષણ), 3 Pronoun (સર્વનામ), 4 Verb (ક્રિયાપદ), 5 Adverb (ક્રિયાવિશેષણ અવ્યય), 6 Preposition (શબ્દયોગી અવ્યય), 7 Conjunction (ઉભયાન્વી અવ્યય), 8 Interjection (કેવળપ્રયોગી અવ્યય).

Articles ને કોઇ કોઈ વખત જુદો Part of Speech ગણવામાં આવે છે. પણ તે Adjective (વિશેષણ) છે.

I The Noun.

4. **A noun** is the name of any person, place or thing. કોઇ પુરૂષ, સ્થળ, અથવા વસ્તુના નામને નામ કહેછે; as, Gopal, Surat, horse, gold.

5. **Nouns** are of five kinds:—

(1) A **Proper Noun** (વિશેષ નામ) is the name of only one person or thing; as, John, India. વિશેષ નામ એટલે એકજ પુરૂષ અથવા સ્થળનું નામ.

(2) A **Common Noun** (સામાન્ય નામ) is the name which can be given to all things of the same

kind; as, horse, cow, man. જે શબ્દ એક વર્ગના દરેકને લાગુ પડે તેને સામાન્ય નામ કહે છે.

(3) A **Collective Noun** (સમુહવાચક નામ) denotes a number of persons or things taken as one; as, flock, army, crowd &c. જે શબ્દ પુરૂષ અથવા વસ્તુના નામનો સમુહ (જથ્થો) બતાવે છે તે શબ્દને સમુહવાચક નામ કહે છે.

(4) A **Material Noun** (પદાર્થ સુચક નામ) denotes the names of substances: as gold, iron, stone, wood. પદાર્થ સુચક નામ કોઈ પદાર્થનું નામ બતાવે છે.

(5) **An Abstract Noun** (ભાવ વાચક નામ) is the name of a quality or action; as, whiteness, bravery, truth. જે નામ પ્રાણી, પદાર્થ ન દેખાડતાં તેઓમાં રહેલો ગુણ, સ્થિતિ, વિગેરે બતાવે છે તેને ભાવવાચકનામ કહેછે.

6. અંગ્રેજીમાં નામને Gender (જાતિ), Number (વચન), અને Case (વિભક્તિ) લાગે છે.

Gender.

7. **Gender** (જાતિ) is that form of the Noun which shows whether what is spoken of is male, female, or neither. કોઈ સત્વવાચક નામ વિષે વિચાર કરતાં તે નરજાતિનું, કે, નારીજાતિનું, કે જાતિ રહીત છે એમ જે સમજીએ છીએ તે તેની જાતિ કહેવાય છે.

8. **English nouns** have three genders:—(1) **Masculine Gender** (નરજાતિ), (2) **Feminine Gender** (નારીજાતિ), (3) **Neuter Gender** (નાન્યતરજાતિ).

(1) The names of **Males** are of the **Masculine Gender**. પુરૂષના નામને નરજાતિ કહે છે. જેમકે boy, king, father વિગેરે.

(2) The names of **females** are of the **Feminine Gender**. સ્ત્રીના નામને નારીજાતિ કહે છે જેમકે wife, sister, queen વિગેરે.

(3) The names of things **without life** are **Neuter** that is neither Masculine nor Feminine. નિર્જીવ પદાર્થ તથા કેટલાક પ્રાણીઓના નામને નાન્યતરજાતિ કહે છે. જેમકે chair, table, cap વિગેરે.

9. Words applied to both sexes are said to be of the **Common Gender** (સામાન્ય જાતિ). જે શબ્દ બેઉ વર્ગને લાગુ પડે છે તેને સામાન્ય જાતિ કહે છે. જેમકે parent, child, person વિગેરે.

10. There are three ways of distinguishing Gender. જાતિ ઓળખવાની ત્રણ રીતો છે:–

(1) By **a different word**, નરજાતિમાં જે શબ્દ હોય તેને બદલે નારીજાતિમાં જુદો શબ્દ વાપરવાથી as, Man-woman; Brother–sister; King,–queen.

(2) By **a different ending**, (નરજાતિના નામને 'ess' અથવા કોઈ બીજો પ્રત્યય ઉમેરવાથી) as, Lion–lioness: Giant–giantess; Hero–heroine. (જુઓ પાઠમાળા ભાગ ૨. બોધ પાઠ ૧૧).

(3) By **placing a word before or after**, (નામની આગળ અથવા પાછળ નારીજાતિ દર્શક શબ્દ મુકવાથી) as, He-goat–She-goat; Cock–sparrow-Hen-sparrow. Pea-cock-Pea-hen; Grand-father–Grand-mother.

11. Some Masculine nouns are used for both Sexes. કેટલાક નરજાતિનાં નામ બન્ને જાતિને માટે વપરાય છે. જેમકે, horse, dog, actor, author.

12. Some Feminine nouns are used for both Sexes. કેટલાક નારીજાતિનાં નામ બન્ને જાતિને માટે વપરાય છે. as, duck, goose.

13. Some nouns have only the Feminine Gender. કેટલાક નામને ફક્ત એકલી નારીજાતિ હોય છે. જેમકે laundress (ધોબણ), midwife (દાઈ).

Number.

14. Number shows whether *one* is meant or more than one. જે નામનાં એકપણાનો કે અનેકપણાનો અર્થ છે એ વિષે જે સમજાય તે તે નામનું **વચન છે.** નામને વચન બે હોય છે: **Singular** (એકવચન) અને **Plural**(બહુવચન).

15. Singular Number. When a Noun denotes one thing, it is said to be of the **Singular Number.** જે નામમાં એકપણાનો અર્થ હોય તે નામ એકવચનમાં કહેવાય છે. જેમકે, a boy, a box, વિગેરે.

16. Plural Number. when a Noun denotes more than one, it is said to be of the **Plural Number.** જે નામમાં અનેકપણાનો અર્થ નીકળતો હોય તે નામ બહુવચનમાં કહેવાય છે. જેમકે, men, boxes, વિગેરે.

(બહુવચન). નિયમ. એકવચનના નામને 's' પ્રત્યય લગાડયાથી બહુવચન બને છે. જેમકે Horse–horses. જે નામને છેડે 'ss, sh, ch (ચ), x, અને o' હોય તો તેમનું બહુવચન ઘણું કરીને 'es' લગાડયાથી બને છે. જેમકે class–classes, bush-bushes, church-churches, box-boxes, buffalo–buffaloes. નામને છેડે f અથવા fe હોય તો બહુવચન કરતી વખતે f અથવા fe નો v કરીને es ઉમેરવો. જેમકે wife-wives, life-lives. વળી નામનો અંત્યાક્ષર 'y' હોય ને y પહેલાં વ્યંજન હોય તો 'y' નો 'i' કરવો જોઈએ. જેમકે duty-duties; army-armies. પણ જો y ની પહેલાં સ્વર હોય તો y નો i કર્યા વગર એકલો s ઉમેરવો; as toy-toys; boy-boys.

17. કેટલાંક નામોનું બહુવચન અનિયમિત રીતે થાય છે.

એટલે કે તેમનું બહુવચન s અથવા es, પ્રત્યય ઉમેર્યાથી થતું નથી. જેમકે man-men, woman-women, foot-feet, tooth—teeth, goose હંસ—geese, louse (જુ)—lice, mouse ઉંદર—mice, અને child-children.

18. કેટલાક નામને એકવચન તથા બહુવચનમાં એકજ રૂપ હોય છે. જેમકે, deer, sheep, cattle, hair, dozen વિગેરે.

19. કેટલાક નામના એકવચન તથા બહુવચનમાં જુદા જુદા અર્થ થાય છે. તેમાંના કેટલાક નીચે આપ્યાં છેઃ—

Singular (એકવચન).	Plural (બહુવચન).
Good (ફાયદો).	Goods (માલ).
Iron (લોઢું).	Irons (બેડીઓ).
Force (બળ).	Forces (લશ્કર).
Spectacle (દેખાવ).	Spectcles (ચસ્મા).
Corn (દાણા) વિગેરે.	Corns (આંટણ) વિગેરે.

20. કેટલાક નામનું બહુવચન બે રીતે થાય છે અને તે દરેકનો જુદો અર્થ થાય છેઃ—

Brother (ભાઈ)—Brothers (એક માબાપના દીકરા, અને Brethren (એક મંડળીના સભાસદો).

જુઓ પાઠમાળા ભાગ. ૨. બોધ પાઠ ૮.

21 Proper (વિશેષ), Material (પદાર્થસુચક) અને Abstract (ભાવવાચક) નામોનું બહુવચન થતું નથી પણ જ્યારે તેઓ સામાન્ય નામ તરીકે વપરાય છે ત્યારે તેઓને બહુવચનનો પ્રત્યય લાગે છે; જેમકે the Cæsars: સીઝર નામના (જેવા) માણસો; wines: જુદી જુદી જાતના દારૂ.

22. કેટલાક નામોને એકવચન રૂપ નથી. જેવાં કે scissors, spectacles, trousers, news (એકવચન) વિગેરે.

23. બે અથવા વધારે શબ્દો એકઠા મળીને એક નામ થાય તેને **Compound Noun** કહેછે જેમકે Father-in-law, એવા નામનું બહુવચન કરવું હોય તો તેના મુખ્ય શબ્દને બહુવચનનો પ્રત્યય લાગેછે. જેમકે fathers-in-law; maid-servants

(ચાકરડીઓ). કેટલાકને બે બહુવચન થાય છે. જેમકે men-servants. પણ જો છઠ્ઠી વિભક્તિનો 's પ્રત્યય લગાડવો હોય તો તેના છેલ્લા શબ્દને *'s* લાગે. જેમકે father-in-law*'s*; maid-servant*'s*.

Case.

24. **Case** is that form of the Noun which shows its relation to some other word in the sentence. વિભક્તિ એટલે વાક્યમાં એક નામનો બીજા નામ સાથે સંબંધ દેખાડનારો પ્રત્યય. અંગ્રેજીમાં નામને મુખ્ય ત્રણ વિભક્તિ હોય છે:—(1) The Nominative (કર્તા) (2) The Possessive (સંબંધ) અને (3) The Objective (કર્મની.)

25. (1) **The Nominative Case** names the *agent or a doer*. નોમીનેટીવ કેસ કર્તા અથવા ક્રિયાનો કરનાર બતાવે છે; A *man* walks. આ વાક્યમાં man ની Nominative Case છે.

26. (2) **The Possessive** shows the possessor or owner. છઠ્ઠી વિભક્તિ સંબંધ બતાવે છે. જેમકે *Gopal's book* આમાં Gopal એ Possessive Case છે. ઘણું કરીને નામને *'s* લગાડયાથી આ વિભક્તિ બને છે. જેમકે છોકરાની ચોપડી: *a boy's* book; પણ જો નામને છેડે બહુવચનનો પ્રત્યય s લગાડેલો હોય તો s ની પાછળ એકલી એપોસ્ટ્રોફી apostrophe (s') કરવી. જેમકે છોકરાઓની ચોપડીઓ. *Boys'* books. ધણીપણું અથવા કબજો બતાવવો હોય તો *'s* ફક્ત પુરૂષના નામને લગાડી શકાય છે; તે શીવાય બીજા નામની Possessive Case કરવી હોય તો નામની પહેલા of મુકવો; જેમકે The hoof *of* the horse.

જ્યારે કોઈ નામ કેટલાક શબ્દોનો બનેલો હોય છે ત્યારે's છેલ્લા શબ્દને લાગે છે. જેમકે *William the Conqueror's tomb* (કબર). (ખંડ ૨૩ મું જુઓ).

જ્યારે બે અથવા વધારે જુદા જુદા નામો છઠ્ઠી વિભક્તિનો અર્થ દર્શાવે છે અને જ્યારે એકત્ર કબજો બતાવે છે ત્યારે 's છેલ્લા શબ્દને લાગે છે. કેમકે Govind and Krishna's horse (એક ઘોડો); પણ જ્યારે જુદો જુદો કબજો બતાવે છે ત્યારે દરેક નામને 's લાગેછે. જેમકે Govind's and Krishna's horses (બે ઘોડા).

27. (3) **The objective Case** (કર્મની વિભક્તિ) shows the object or that to which some thing is done; as, He reads a *book*. આ વાક્યમાં Book કર્મ છે વાસ્તે તેની વિભક્તિ Accusative Case કહેવી. અંગ્રેજીમાં Nominative અને Objetive Cases નાં રૂપ એક સરખાં છે; તે ઓળખવાની રીત એ છે કે Nominative ક્રિયાપદની પહેલાં આવે છે અને Objective સકર્મક ક્રિયાપદની અથવા તો કોઇ Preposition (શબ્દયોગી અવ્યય) પછી આવે છે.

28. **The Nominative Absolute Case.** જ્યારે કોઇ નામ અથવા સર્વનામ વર્તમાન કૃદંતનો કર્તા હોય ને કોઇ બીજા ક્રિયાપદનો કર્તા કે કર્મ હોય નહિ અથવા તેની આગળ કોઇ શબ્દયોગી અવ્યય આવ્યો હોય નહીં, તો તે નામ અથવા સર્વનામની વિભક્તિ *Nominative Absolute* કહેવાય છે. જેમકે The *ship* having arrived, we landed. આ વાક્યમાં *ship* ની વિભક્તિ Nominative Absolute છે.

29. **The Dative Case.** The Dative denotes the person to *whom* a thing is done, or *for whom* a thing is done. કેટલાંએક સકર્મક ક્રિયાપદ જેવાં કે give, ask, call, teach, make, tell વિગેરેને બે કર્મ છે. તેમાંનું જે કર્મ ક્રિયાપદને–શું–સવાલ પુછવાથી માલમ પડે તે *Accusative* અથવા *Objective case* (બીજી વિભક્તિ) માં છે; અને–કોને–સવાલ પુછવાથી માલમ પડે તે *Dative case* માં આવે છે. જેમકે He gave *me* a book આ વાક્યમાં 'શું' આપ્યું એમ સવાલ કરીએ તો જવાબમાં ચોપડી આપી એમ આવે છે. માટે 'શું' ના જવાબમાં ચોપડી આવી તેથી ચોપડી (book)

Objective case માં છે. હવે 'કોને' આપી એમ સવાલ કરીએ તો જવાબમાં 'મને' (*me*) આપી એમ આવે છે માટે, 'કોને' સવાલના જવાબમાં 'મને' (*me*) શબ્દ આવ્યો તેથી 'મને' (*me*) *Dative case* માં છે.

30. The Dative denotes the **Indirect Object** and the Objective the **Direct Object**. જે નામ Dative Case માં છે તે Indirect Object કહેવાય છે અને જે Objective case (કર્મની વિભક્તિ) માં છે તે Direct Object કહેવાય છે. ગુજરાતીમાં ડાયરેકટ ઓબજેકટ ને ઉપસ્થ કર્મ (ક્રિયાપદની પાસે આવનારૂ) અને ઈનડાયરેકટ ઓબજેકટ ને અનુપસ્થ (ક્રિયાપદની પાસે નહી આવનારૂ) કર્મ કહે છે જેમકે 'તેણે મને ચોપડી આપી.' આ વાકયમાં 'ચોપડી' ક્રિપાપદની પાસે આવ્યું છે માટે તે ઉપસ્થ કર્મ (Direct Object) છે અને 'મને' અનુપસ્થ (Indirect Object) કર્મ છે.

31 The Vocative Case. the Vocative અથવા Nominative of Address (સંબોધન વિભક્તિ) is used in Calling a person. સંબોધન વિભક્તિ કોઈ પુરૂષને બોલાવવામાં વપરાય છે. જેમકે *Rama*, come; *Boys*, read your lessons.

32. The Nominative (પહેલી), Vocative (સંબોધન). Dative (ચોથી), અને Objective (બીજી) cases નાં રૂપ અંગ્રેજીમાં એક સરખાં હોય છે.

33. જુદાં જુદાં નામ એકજ ક્રિયાપદના કર્ત્તા અથવા કર્મ હોય અથવા તેમની આગળ એકજ શબ્દયોગી અવ્યય લાગેલો હોય તો તે દરેક નામ *the same case as* અથવા case *in apposition with* કહેવાય. જેમકે A *man* and a *woman* went there. આ વાકયમાં *man* ની વિભક્તિ *Nominative* છે અને *woman* ની *same case as man* અથવા *case in apposition with man* છે.

34. Cognate Accusative જ્યારે સકર્મક ક્રિયાપદ પોતાના અર્થને મળતા અર્થનું કોઈપણ નામ પોતાની પછી કર્મ

તરીકે લેતો તે નામને *Cognate Accusative* કહે છે. જેમકે to run a *race*, to live a *life*, to die a *death*.

II. The Adjective.

35 An **Adjective** (વિશેષણ) is a word which qualifies a Noun. જે શબ્દ નામનો ગુણ બતાવે છે તે વિશેષણ છે; as, a *good* boy; *twenty* mangoes.

36 વિશેષણ ચાર પ્રકારનાં છે:—(1) Adjectives of Quality (ગુણ વાચક વિશેષણ); (2) Adjectives of Quantity (બહુત્વપાર્થ); (3)Numeral Adjectives (સંખ્યાવાચક વિશેષણ),(4)Demonstrative or Distinguishing Adjectives. (દર્શક વિશેષણ).

37. (1) **Adjectives of Quality** show the quality or state of the thing named.ગુણ વાચક વિશેષણ કોઈ વસ્તુની સ્થિતિ અથવા ગુણ બતાવે છે. જેમકે A *fat* man; a *good* boy. ગુણવાચક વિશેષણના બે વર્ગ પાડી શકાય છે: (1) Common. (2) Proper. વિશેષ નામ ઉપરથી થએલા વિશેષણ Proper Adjectives કહેવાય છે. જેમકે, Indian, English.

38. (2) **Adjectives of Quantity** refer to bulk or size. They show *how much* of a thing is meant. બહુત્વપાર્થ વિશેષણ કદ અથવા કોઈ વસ્તુનો કેટલો ભાગ છે તે બતાવે છે. જેમકે much, little, some, all, any both, enough, few, no, none, whole વિગેરે.

39.(3) **Numeral Adjectives** show how many are meant or in what order. સંખ્યા વાચક વિશેષણ સંખ્યા કેટલી છે અથવા કેવા અનુક્રમમાં છે તે બતાવે છે.જેમકે one, two, third. સંખ્યાવાચક વિશેષણના ત્રણ ભાગ છે:—(1) Definite, (2) Indefinite અને (3) Distributive.

(1) Definite Numeral Adjectives denote **exact numbers.** સંખ્યાર્થ વિશેષણ મુકરર સંખ્યા બતાવે છે. તે ત્રણ જાતના છેઃ-(*a*)Cardinal (સંખ્યાર્થ)-ten, four; (b) Ordinal Numerals (સંખ્યાપૂરણાર્થ)-first, second; (c') Multiplicatives(આવૃત્તી વાચક)-threefold,double,triple.

(2) Indefinite Numeral Adjectives do not denote any exact Number. અનિશ્ચિત સંખ્યાવાચક વિશેષણ મુકરર સંખ્યા બતાવતા નથી. કેમકે all, any, certain, few, many, much, more, most, no, none, several, some વિગેરે.

(3) Distributive Numeral Adjectives denote that things are taken one at a time. જેમકે each,every either વિગેરે.

40 (4) **Demonstrative Adjectives** point out the thing spoken of. દર્શક વિશેષણ કોઈ બોલેલી વસ્તુ બતાવે છે જેમકે a, an, the, this, that, you, yonder, such વિગેરે.

41. **Articles**. An article is a word which points to a Noun and shows the extent of its meaning.જે શબ્દ નામના અર્થની હદ બતાવે છે તેને (હદદર્શક વિશેષણ) કહેછે. *A*, અથવા an અને the આર્ટીકલ્સ કહેવાય છે. A અથવા an ને *Indefinite Article* કહેછે. કારણ કે તે કોઈ મુકરર પુરૂષ અથવા વસ્તુ બતાવતા નથી. The ને *Definite Article* કહે છે. કારણ કે તે મુકરર વસ્તુ બતાવે છે. A અથવા an નો મીનીંગ'એક' થાય છે માટે તે એકવચનમાંજ વપરાય છે; The એકવચન તેમજ બહુવચનમાં વપરાય છે અને તે મુકરર અથવા સામો માણસ જાણતો હોય તે વસ્તુ બતાવે છે. વ્યંજનથી શરૂ થતા શબ્દની આગળ *a* મુકવામાં આવે છે અને સ્વરથી શરૂ થતા શબ્દની આગળ an આવેછે. જેમકે *A* box; *an* ox; *the* horse (મુકરર ઘોડો.) A અથવા an અને one માં ફેર એ છે કે *a* અથવા *an*નો

મીનીંગ 'એક' થાય છે અને તે જાત બતાવે છે અને *one* (એક) સં-ખ્યા બતાવે છે. જેમકે Give me *a* pen = મને એક (હરકોઇ જાતની) કલમ આપો અને Give me *one* pen = મને એક (બે નહિ) કલમ આપો.

Rules of Comparision.

42. **Adjectives** of **Quality** have three *degrees* of comparison. ગુણવાચક વિશેષણને તુલના દર્શક ત્રણ *degrees* હોય છે:—(1) Positive, (2) Comparative અને (3 Superlative. જે વિશેષણ ફેરફાર થયા વિના અસલ રૂપમાં રહે છે તેને *Positive Degree* નું વિશેષણ કહે છે. જેમકે *rich, wise* જ્યારે બે વચ્ચે મુકાબલો હોય ત્યારે *Comparatice Degree* કહેવાય છે, અને તે વિશેષણને *'er'* પ્રત્યય લગાડેથી બને છે. જેમકે *richer, wiser* અને જ્યારે બે કરતાં વધારે વચ્ચે મુકાબલો હોય ત્યારે *Superlative degree* નું વિશેષણ કહેવાય છે અને તે *'est,'* પ્રત્યય ઉમેર્યાથી બને છે. જેમકે *richest, wisest.*

43. જ્યારે Positive Degree માં વિશેષણને છેડે e હોય છે ત્યારે Comparative અને Superlative Degrees માં r અને st લાગેછે. જેમકે Large, larger, largest. જો વિશેષણનો અંત્યાક્ષર વ્યંજન હોય અને તે વ્યંજનની પહેલાં એકજ સ્વર હોય તો અંત્ય વ્યંજન બેવડો કરીને Comparative અને Superlative degrees થાય છે. જેમકે Hot, hotter, hottest; red, redder, reddest. વળી જો છેડે 'y' હોય અને તેની પૂર્વે વ્યંજન હોય તો er અને est પ્રત્યય લગાડતાં પહેલાં y નો i થાય છે જેમકે dry, drier, driest; happy, happier, happiest.

44. બે અથવા વધારે પદ (Syllables) વાળા વિશેષણની Comparative degree 'er' ને બદલે more અથવા less અને Superlative degree est ને બદલે most અથવા least થી

અનેછે. જેમકે beautiful-more beautiful-most beautiful, diligent-less diligent-least diligent.

45. કેટલાંક વિશેષણ અનિયમિત છે. એટલે કે તેમની degrees 'er ને est' પ્રત્યય ઉમેર્યાથી બનતી નથી. તેવા વિશેષણો અંગ્રેજીમાં ઘણા થોડા છે. તેમાંના કેટલાક નીચે આપ્યા છે તે શિક્ષકે છોકરા પાસે મોઢે કરાવવા.

Good, well-better-best; Bad(evil, ill)-worse worst; Far-farther-farthest; Late-later-latest(in time); Late-latter (બીજો)-last (છેલ્લો); Little-less-least; Much (many)-more-most; Near-nearer-nearest; Nigh(પાસે) -nigher-nighest (next); Old-older (elder)-oldest-(eldest); Fore-former-foremost (first); Forth-further-furthest.

III The Pronoun.

46. **A Pronoun** is a word nsed in place of a noun. જે શબ્દ નામને ઠેકાણે આવે છે તેને સર્વનામ કહે છે. Pronouns (સર્વનામ) સાત પ્રકારનાં છે:—

(1) Personal Pronouns (પુરૂષ વાચક સર્વનામ) show of what person they are; as, I, thou, he, she, it and their plnrals. પુરૂષ વાચક સર્વનામ ત્રણ છે:— પહેલો, બીજો અને ત્રીજો પુરૂષ. *The First Person* denotes the person speaking. બોલનાર માણસ પહેલો પુરૂષ છે; જેમકે I, we. The *Second Person* denotes the person spoken to. જે માણસની સાથે વાત થતી હોય તે બીજો પુરૂષ; જેમકે Thou, you વિગેરે. *The Third Person* denotes the person or thing spoken of. જે માણસ વિષે વાત કરવામાં આવે તે ત્રીજો પુરૂષ; જેમકે He, she, it.

(2) Reflexive Pronouns (સ્વાર્થ-સ્વવાચક)

denote the coming back of an action upon the doer. They are used when we speak of doing something to *or for oneself.* જે માણુસ બોલે છે તેના પર, અથવા જેની સાથે વાત થાય છે તેનાંપર, અથવા જેના સંબંધી વાત થાય છે તેનાપર, કહેલી વાતને ફેરવીને કે ઠસાવીને બોલીયે, તો તે પ્રસંગમાં જે શબ્દ વાપરીએ છીયે, તેને સ્વાર્થ અથવા સ્વવાચક સર્વનામ કહે છે; આ શબ્દ 'પોતે'છે. આ સર્વનામ કોઈવાર ભાર દઇને બોલવામાં વપરાયછે. જેમકે He *himself* did it. Personal Pronouns ને '*self*' લગાડે આ સર્વનામ બને છે. જેમકે, my*self*, thy*self*, him*self*, her*self*, it*self*, our-*selves*, your-*selves*, them*selves* &c. *

(3) **Relative (સંબંધી અથવા તત્પદા પેક્ષક) Pronouns** refer to some noun or pronoun, or phrase going before which is called tne *Antecedent*. નામ, સર્વનામ કે વાકય જે આગળ ગયું હોય તેની સાથે જે શબ્દ સંબંધ બતાવે છે તેને સંબંધી સર્વનામ કહે છે. જેમકે The days *that*, are gone will not return. *Which, what* and their compounds *whoever, whosoecvr, whatsoever* &c, that, અને *as preceded by* such અને *but* વળી સંબંધી સર્વનામ છે. *Who* પુરૂષ તથા સ્રીને માટે, *which* જનાવરોને અને નિર્જીવ પદાર્થોને માટે અને *that* પુરૂષ, સ્રી તેમજ વસ્તુને માટે વપરાયછે. *What* Componnd Relative Pronoun છે.અને તે tdat અને which નો બનેલો છે. જેમકે *What* he said was correct. I have not such kind treatment as I used to have. There was no woman *but* wept.

(4) **Interrogative (પ્રશ્નાર્થ) Pronouns** are used in asking questions. પ્રશ્નાર્થ સર્વનામ સવાલ પુછવાના કામમાં આવેછે. *Who* (કોણ), *Which* (કયો) અને *What*(શું) એ પ્રશ્નાર્થ સર્વનામ છે. જેમકે *Who* planted this tree ?

(5) Demonstrative Pronouns (દર્શક સર્વનામ) are so called because they point out (as, with the finger) whatever is spoken about and are used instead of it. જે શબ્દ કોઈ વિષય જેને વિષે બોલવામાં આવ્યું હોય તેને આંગળીએ દેખાડે છે. અને તે બદલે વાપરવામાં આવે છે તેને દર્શક સર્વનામ કહે છે. This, that, and (their plurals) these, those, and yon are properly adjective (ખરૂ જોતાં વિશેષણ છે) but they are also used as pronouns. when they are followed by a Noun (પણ જ્યારે તેઓની પછી નામ આવે છે ત્યારે તે સર્વનામ છે.)

(6) Indefinite (અનિશ્ચિત) Pronouns જેવાં કે all, another, any, both, certain, few, many, none, other, several, some, such, same, whole, one, nobody, aught, naught; આ બધા જો એકલા આવે તો સર્વનામ છે, ને નામની સાથે આવે તો વિશેષણ છે.

(7) Disrtibutive Pronouns are:–each, every, either, neither &c. Eachother and oneanother ને Reciprocal Pronouns કહે છે. બેની વાત હોય તો *each other* વપરાય ને બે કરતાં વધારેની વાત હોય તો *oneanother* વપરાય છે

47. Declension of Personal Pronouns.

પુરૂષ વાચક સર્વનામનું રૂપાખ્યાન.

પુરૂષ.	Nominative. (કર્તા)	Genitive. (સંબંધ)	Accusative (કર્મ)
પહેલો હું	I.	my, mine.	me.
,, અમે, આપણે.	we.	our, ours	us.
બીજો. પુ. તું	thou.	thy, thine.	thee.
તમે, આપ.	ye, you.	your, yours.	you.
ત્રીજો. તે.	he, she, it.	his, her, hers, its.	them.
,, ,, તેઓ.	they.	their, theirs	them.
કોણ.	who.	whose.	whom.

48. મારૂં, અમારૂં, આપણું તારૂં, તમારૂં, તેનું (નારીજાતિ), તેઓનું, એ શબ્દોના અંગ્રેજીમાં બે રૂપ છે. નામ પાસે હોય તો તેમનો તરજુમો પહેલે રૂપે એટલે my, our, thy, your, her, their થાય. નામ પાસે ન હોય તો બીજેરૂપે એટલે mine, ours, thine, yours, hers, theirs થાય. જેમકે આ મારી ચોપડી છે. This is my book. આ ચોપડી મારી છે. This book is mine. વિગેરે.

IV. The Verb.

49. **A Verb** is a word which declares or tells something. જે શબ્દ વડે આપણે કંઈ કહી શકીએ અથવા બતાવી શકીએ છીએ તેને Verb (ક્રિયાપદ) કહે છે. જેમકે The fire *burns.*

50. *That which is spoken of* is called the **subject** of the Verb. જેના વિષે વાત થયેલી છે તે ક્રિયાપદનો **કર્ત્તા** કહેવાય છે, *That to which something is done* is called the **Object.** જેના ઉપર કાંઈ ક્રિયા લાગુ પડી છે તે ક્રિયાપદનું **કર્મ** કહેવાય છે.

51. ક્રિયાપદ બે જાતના છે:—(1) **Transitive** (સકર્મક) (2) **Intransitive** (અકર્મક). **A Transitive Verb** denotes an action passing from the *doer* to an *object.* જ્યારે કર્ત્તાની ક્રિયા કર્ત્તામાં રહીને બીજા શબ્દને લાગુ પડે છે ત્યારે તેને સકર્મક ક્રિયાપદ કહે છે; જેમકે He *struck* the table. **An Intransitive Verb** denotes an action that does not go beyond the *doer.* કર્ત્તાની ક્રિયા કર્ત્તામાંજ રહીને બીજા કોઈ શબ્દને લાગુ પડતી નથી ત્યારે અકર્મક ક્રિયાપદ કહેવાય છે. જેમકે He *walks.*

52. **Reflexive Verb.** When the object of a Transitive Verb is the same as its subject the Verb

is said to be *Reflexive*; as, *Thou hast hurt thyself*. જ્યારે સકર્મક ક્રિયાપદનું કર્મ તેના કર્તાના જેવું હોય ત્યારે ક્રિયાપદ *Reflexive* કહેવાય છે.

53. Regular and Irregular Verbs—ક્રિયાપદની બીજી બે જાતો છે:-(1) Regular or Weak અને (2) Irregular અથવા Strong. A Regular or Weak Verb forms its Past Tense by adding '*d*' *or* '*ed*' to the Present Tense; as, walk-walked. જે ક્રિયાપદનો ભૂતકાળ '*d*' અથવા '*ed*' પ્રત્યય લાગેથી થાય છે તેને Regular અથવા Weak Verb કહે છે. અને જે ક્રિયાપદનો ભૂતકાળ '*d*' અથવા '*ed*' પ્રત્યય લાગેથી થતો નથી તેને Irregular અથવા Strong Verb કહે છે; જેમકે write-wrote કેટલાક અનિયમિત ક્રિયાપદ નીચે આપ્યા છે:—

Present	Past	Past. Part.
1. Abide (રહેવું)	abode	abode.
2. Be	was	been.
3. Begin	began	begun.
4. Break	broke	broken.
5. Cling વળગવું	clung	clung.
6. Do	did	done.
7. Go	went	gone.
8. Have	had	had.
9. Ride	rode	ridden.
10. See	saw	seen.
11. Speak	spoke	spoken.
12. Tear	tore	torn.

54. Verbs have Voice (ભેદ). Mood (અર્થ-વાચ), Tense (કાળ), Number (વચન), અને Person (પુરૂષ). ક્રિયાપદને ભેદ, અર્થ, કાળ, વચન અને પુરૂષ લાગે છે.

55. Voice (ભેદ) shows whether the subject

of the verb acts or is acted upon. Voice બે જાતના છે (1) active Voice (મૂળભેદ) અને (2) Passive Voice (સુલભેદ). The Active Voice shows that the subject of a verb acts. જ્યારે ક્રિયાનો કર્તા કંઈક્રિયા કરતો હોય ત્યારે ક્રિયાપદ Active Voice નું સમજવું; જેમકે Gopal reads a book. The Passive Voice shows that the subject of a verb is acted upon. જ્યારે કર્મની ક્રિયા કર્તા ઉપર લાગુ પડે છે ત્યારે ક્રિયાપદ Passive Voice નું જાણવું; જેમકે A book is read by Gopal. સકર્મક ક્રિયાપદના ભૂતકૃદંતની સાથે to be ક્રિયાપદનું રૂપ વાપર્યાથી Passive Voice બને છે. Active Voice માં જે કર્મ હોય છે તે Passive Voiceમાં કર્તા બને છે. તે ઉપરના દાખલા ઉપરથી સહજ માલુમ પડશે.

56 **Mood** (અર્થ-વાચ) shows the manner of the action. કર્તાની ઇચ્છાના રૂપને ક્રિયાપદનો Mood કહે છે. Mood પાંચ જાતના છે:–1 **Indicative** (નિશ્ચયાર્થ), 2 **Imperative** (આજ્ઞાર્થ), 3 **Subjunctive** (સંશયાર્થ) 4 **Potential** (શક્યાર્થ) અને 5 **Infinitive** (સામાન્ય રૂપ.)

(1) The *Iudicatine mood* simply declares a thing or it asks a question નિશ્ચયાર્થ કંઈ કહેવાના અથવા પ્રશ્ન પુછવાના કામમાં આવેછે; જેમકે He reads. Who reads?

(2) The *Imperative Mood* commands or entreats. આજ્ઞાર્થ હુકમ કરવાના અથવા અરજ કરવાના કામમાં આવે છે; જેમકે Go there. Let me go. ઈમ્પેરેટીવ મુડમાં કર્તા બીજા પુરૂષ બહુવચનમાં અધ્યાહાર કહે છે.

(3) The *Subjunctive Mood* states a thing conditionally. સંશયાર્થ ઘણું કરીને સરત બતાવે છે; જેમકે I will go if he come. સબજંકટીવ મુડમાં ક્રિયાપદની પહેલાં *if, though, except, had, lest, unless* અથવા *that* આવે છે.

(4) The *Potential Mood* expresses possibility, liberty, power, will, obligation or necessity. Poten-

tial mood (શકયાર્થ) ક્રિયાપદની આગળ can, may, might, could, would અને should મૂકવાથી થાય છે. આ Mood ને કેટલાક વૈયાકરણીઓ ગણતા નથી.

(5) The *Infinitive Mood* simply names the action and is not limited by time, person, or number. Infinitive mood (સામાન્ય રૂપ) માત્ર ક્રિયાનો વિચાર બતાવે છે અને કાળ પુરૂષ અથવા વચનથી તેના અર્થની હદ બંધાતી નથી; જેમકે to *read*. આ Mood કોઈ કોઇવાર નામ તરીકે વપરાય છે ત્યારે તેને Infinitive of Purpose અથવા Indirect Object અથવા Gerund કહે છે; જેમકે He came to learn. વળી Verbal Noun (ક્રિયાવાચકનામ)ને પણ Gerund કહે છે અને તેને છેડે 'ing' પ્રત્યય આવે છે; જેમકે *Walking* is healthy.

57. **Participles.** (કૃદંત) are so called because they partake of the properties of the verb and the adjective. (ક્રિયાપદના જે રૂપમાં વિશેષણ અથવા ક્રિયાપદ એ બન્નેનો ગુણ રહ્યો હોય તેને કૃદંત કહેછે). મુખ્ય કૃદંત બે જાતના છે:—(1) **Present Participle** (વર્ત્તમાન કૃદંત) અને (2) **Past Participle** (ભૂતકૃદંત). વર્ત્તમાન કૃદંતનો પ્રત્યય '*ing*' છે. જેમકે Go-going; ને ભૂતકૃદંતનો પ્રત્યય '*ed*' છે, જેમકે Walk-walked ચાલેલું. વળી એક ત્રીજી જાતનું કૃદંત છે જેને અંગ્રેજીમાં **Perfect Participle** કહે છે અને તે ભૂતકૃદંતની આગળ *Having* મુકયાથી બને છે. જેમકે *Having walked.*

Tense.

58. **Tense** (કાળ) is a change in a verb to express time. There are three great divisions of time: **Present** (વર્ત્તમાન), **Past** (ભૂત), અને **Future** (ભવિષ્ય).

59. The **Present Tense** denotes that the action is going on just now. કોઈ ક્રિયા હમણા ચાલતી હોય, ત્યારે **વર્તમાન કાળ** કહેવાય છે. ક્રિયાપદની આગળ બીજા પુરૂષમાં *est* અને ત્રીજા પુરૂષમાં *s* પ્રત્યય લગાડવાથી આ કાળ બને છે. પહેલા પુરૂષમાં અને બહુવચનમાં કશો પ્રત્યય લાગતો નથી. જ્યાં પ્રત્યય નથી ત્યાં ક્રિયાપદનો ધાતુ એકલો આવે છે. જેમકે:—હું ચાલું છું I walk; તું ચાલે છે–thou walk-est; તે ચાલે છે.–he walks; અમે ચાલીએ છીએ. –we walk; તમે ચાલોછો–you walk; તેઓ ચાલે છે—they walk.

60. **The Past-Tense** denotes that the action took place or was going on in time passed. જે ક્રિયા ગયા વખતમાં થઇ ગઈ હોય તેનો કાળ **ભૂતકાળ** કહેવાય છે. અંગ્રેજી ક્રિયાપદના ધાતુને '*d*' અથવા '*ed*' પ્રત્યય લગાડવાથી ભૂતકાળ બને છે. જેમકે:—હું ચાલ્યો–I walk-ed; તું ચાલ્યો—thou walkedst; તે ચાલ્યો–he walked; અમે ચાલ્યા–we walked; તમે ચાલ્યા—you walked; તેઓ ચાલ્યા–they walked.

61. **The Future Tense** (ભવિષ્યકાળ) denotes that the action is yet to take place. જે ક્રિયા હવે થવાની છે તેનો કાળ **ભવિષ્ય** કહેવાય છે. ભવિષ્યકાળ *shall* તથા *will* ની સહાયતાથી બને છે. જેમકે:–હું ચાલીશ–I *shall* walk; તું ચાલીશ–thou *wilt* walk; તે ચાલશે–he *will* walk; અમે ચાલીશું–we *shall* walk; તમે ચાલશો–you *will* walk; તેઓ ચાલશે–they *will* walk.

62. વળી ઉપરના દરેક કાળનાં બીજાં બબે રૂપ થાય છે. એટલે વર્તમાન કાળનાં બે, ભૂતકાળનાં બે અને ભવિષ્ય કાળના બે તે નીચે આપ્યાં છે.

63. વર્તમાનકાળ. (1) **The Continuous Present Tense** (**ચાલુ વર્તમાન કાળ**) જે વખત વિષે બોલાય છે

તે વખતે ક્રિયા ચાલતી હોય તો આ રૂપ વપરાય છે અને તે વર્ત્તમાન કૃદંતની સાથે *to be* નાં વર્ત્તમાન કાળનાં રૂપ મુકયાથી બને છેઃ–હું ચાલુંછું–I *am* walking; તું ચાલેછે.–thou *art* walking; તે ચાલે છે–he *is* walking; અમે ચાલીએ છીએ- we *are* walking: તમે ચાલો છો-you *are* walking; તેઓ ચાલે છે–they are walking.

64. (2) **The Present Perfect Tense (પૂર્ણ વર્ત્તમાન કાળ)** કોઈ ક્રિયા હમણાં થઈચુકી છે એ જણાવવાને ક્રિયાપદનાં જે રૂપ વાપરવામાં આવે છે તેને પૂર્ણ વર્તમાન કાળ (The Present Perfect Tense)કહેછે.ને તે ભુતકૃદંતની સાથે સહાયકારક ક્રિયાપદ to *have* નાં વર્ત્તમાન કાળનાં રૂપ લગાડવાથી બને છે. જેમકે–હું ચાલ્યોછું–I *have* walk*ed*; તું ચાલ્યો છે–thou *hast* walk*ed*; તે ચાલ્યો છે–he *has* walk*ed*; અમે ચાલ્યા છીએ–we *have* walked; તમે ચાલ્યાછો–you *have* walk*ed*; તેઓ ચાલ્યા છે–they *have* walk*ed*.

65. ભૂતકાળ. (1) **The Continuous Past Tense (ચાલુ ભૂતકાળ).** જે સમય વિષે બોલાય છે તે સમયે ક્રિયા જારી હતી કે થતી હતી એવું ચાલુ ભૂતકાળ દર્શાવે છે. વર્ત્તમાન કૃદંતની આગળ *to be* ના ભૂતકાળનાં રૂપ વાપર્યાથી તે બને છે. જેમકેઃ-હું ચાલતો હતો-I *was* walk*ing*; તું ચાલતો હતો–thou *wast* wa king; તે ચાલતો હતો–he *was* walk*ing*; અમે ચાલતા હતા–we *were* walk*ing*; તમે ચાલતા હતા–you *were* walk*ing*; તેઓ ચાલતા હતા–they *were* walk*ing*.

66.(2) **The Pluperfect Tense (પૂર્ણ ભૂતકાળ).** ભૂતકાળમાં અમુક સમય પહેલાં કોઇ ક્રિયા થઇ ચુકી હતી એવું જણાવવાને ક્રિયાપદનાં જે રૂપ વાપરવામાં આવે છે તેને The Pluperfect Tense અથવા પૂર્વ ભૂતકાળ કહે છે; અને તે ભૂતકૃદંતની આગળ સહાયકારક *had* નાં રૂપ વાપર્યાથી બને છે; જેમકેઃ–હું ચાલ્યો હતો–*I had* walk*ed*; તું ચાલ્યો હતો–thou *hadst*

walk*ed*; તે ચાલ્યો હતો—he *had* walk*ed*; અમે ચાલ્યા હતા-we *had* walk*ed*; તમે ચાલ્યા હતા—you *had* walk*ed*; તેઓ ચાલ્યા હતા—they *had* walk*ed*.

67. ભવિષ્યકાળ.(1)**TheContinuousFutureTense (ચાલુ ભવિષ્યકાળ**. વર્ત્તમાનકૃદંતની આગળ *to be* ક્રિયાપદનાં ભવિષ્યકાળનાં રૂપ મુકવાથી આ કાળ બને છે. જેમકે:—હું ચાલતો—ચાલવામાં—હોઇશ—I *shall be* walk*ing*; તું ચાલતો—ચાલવામાં હોઇશ—thou *wilt be* walk*ing*; તે ચાલતો—ચાલવામાં હશે—he *will be* walk*ing*; અમે ચાલતા—ચાલવામાં હોઈશું—we *shall be* walk*ing*; તમે ચાલતા—ચાલવામાં હશો—you *will be* walk*ing*; તેઓ ચાલતા—ચાલવામાં હશે—they *will be* walk*ing*.

68. (2) The Future Perfect Tense (પૂર્વ ભવિષ્યકાળ). ભવિષ્યકાળમાં અમુક સમય પહેલાં કોઇ ક્રિયા થઇ રહેશે એ જણાવવાને ક્રિયાપદનાં જે રૂપ થાય છે તેને પૂર્વ ભવિષ્યકાળ કહે છે. આ કાળ પૂર્વ વર્ત્તમાન કાળનાં રૂપની પહેલાં સહાયકારક *shall* ની સહાયતાથી બનેછે. જેમકે:-હું ચાલી રહ્યો હોઇશ—I *shall have* walk*ed*; તું ચાલી રહ્યો હોઈશ—thou *wilt have* walk*ed*; તે ચાલી રહ્યો હશે—he *will have* walk*ed*; અમે ચાલી રહ્યા હઈશું—we *shall have* walk*ed*; તમે ચાલી રહ્યા હશો—you *will have* walk*ed*; તેઓ ચાલી રહ્યા હશે—they *will have* walk*ed*.

89. Table of the Auxiliary Verbs.

સહાયકારક ક્રિયાપદનાં રૂપાખ્યાન.

		To have	To be	To do	Shall	Will	May	Can
સામાન્ય રૂપ...		To have	To be	To do	નથી	....	....	....
વર્તમાન કૃદંત.		Having	Being	Doing	....	....	....	....
ભૂતકૃદંત		Had	Been	Done	....	....	....	....
વર્તમાનકાળ		I have	I am	I do	I shall	I will	I may	I can
		Thou hast	Thou art	Thou dost	Thou shalt	Thou wilt	Thoumayest	Thou canst
		He has	He is	He does	He shall	He will	He may	He can
		We have	We are	We do	We shall	We will	We may	We can
		You have	You are	You do	You shall	You will	You may	You can
		They have	They are	They do	They shall	They will	They may	They can
ભૂતકાળ		I had	I was	I did	I shoud [st	I would[st	Imight [est	I could
		Thou hadst	Thou wast	Thou didst	Thoushould	Thouwould-	Thou might-	Thou couldst
		He had	He was	He did	He should	He would	He might	He could
		We had	We were	We did	We should	We would	We might	We could
		You had	You were	You did	You should	You would	You might	You could
		They had	They were	They did	Theyshould	They would	They might	They could

To have, to be, તથા **to do** એ સહાયકારક તેમજ મૂળ ક્રિયાપદ છે. અને **shall, will, may** તથા **can** ફક્ત સહાયકારક ક્રિયાપદ છે.

70. Table of Tenses. (Indicative Mood).
Active Voice.
Love ક્રિયાપદનું રૂપાખ્યાન.

Tense (કાળ).	Indefinite (અનિશ્ચિત).	Continuous or Progressive (ચાલુ).	Perfect (પૂર્વ)	Perfect Continuous.
Present. (વર્ત્તમાન)	I love (હું ચહાઉછું)	I am loving (હુંચહવામાંછું)	I have loved મેં ચહા-યો છે)	I have been loving (હું ચહ્યા-કરૂછું).
Past (ભૂત)	I loved (મેં ચહાયો).	I was loving (હું ચહવામાં-ચહાતો હતો.)	I had loved મેં ચહાયો હતો.	I had been loving (હું ચહ્યા-કરતોહતો.
Future (ભવિષ્ય)	I shall love હું ચહાઇશ)	I shall be loving (હું ચાહતો હોઇશ)	I shall have loved (મેં ચાહ્યો હશે)	I shall have been loving (હું ચાહ્યા કરતોહોઇશ

71 Passive Voice.

Tense (કાળ)	Indefinite (અનિશ્ચિત)	Continuous or Progressive (ચાલુ)	Perfect પૂર્વ	Perfect Continuous.
Present (વર્ત્તમાન)	I am loved (હું ચહવા-યોછું)	I am being loved (હું ચહવાયા-માં છું)	I have been loved (હું ચહવાયોછું	
Past (ભૂત)	I was loved હું ચહવાયો હતો)	I was being loved (હું ચહવાયા-માં હતો)	I had been loved (હું ચહવાયેલો હતો	
Future (ભવિષ્ય)	I shall be loved (હું ચહવાઇ-શ)		I snell have been loved ત્યારપહેલાંહુંચ હવાયેલોહોઇશ	

V The Adverb.

72. An Adverb (ક્રિયાવિશેષણ અવ્યય) is a word which qualifies a verb, an adjective or another adverb. જે શબ્દ કોઈ ક્રિયાપદ, વિશેષણ, કે બીજા કોઈ ક્રિયાવિશેષણના અર્થમાં વધારો બતાવે છે તે; જેમકે:—Walk *quickly*; it is *too* large; he studies very *diligently*. Adverbsની આઠ જાતો છે. તે નીચે પ્રમાણે:—

73. (1) Adverbs of Time:—*After, afterwards, again, ago, already, always, before, by-and-by, daily, early, ever, formerly, hereafter, hereupon, hourly, immediately, late, lately, long, monthly, mostly, never, next, now, now-a-days, often, once, presently, seldom, since, sometimes, soon, then; there-upon, to-day, too, to-morrow, until, weekly, when, while, yearly, yesterday* &c.

(2) Adverbs of Place:—*Above, abroad, after, ahead, any-where, apart, around. ashore, aside, away, back, before, behind, below, beneath, beyond, down, else-where, every-where, far, forth, forward, fro, hence, here, hither, in, into, left, near, whence, where* &c.

(3) Adverbs of Manner:—*Thus, so, well, quickly, as* (જેમ), *how, well, ill, badly, aloud, rightly* &c.

(4) Adverbs of Degree:—*Almost, altogether. enough, especially, exceedingly, greatly, hardly, highly, how, least, less, more, most, nearly, only, quite, scarcely, too, very, wholly* &c.

(5) Adverbs of Measure:—*Much, little,*

enough, abundantly, somewhat, partly, entirely, sufficiently, &c.

(6) **Adverbs of Quantity** (Number and Order):—*Once, twice, firstly, secondly, thirdly, lastly &c.*

(7) **Adverbs of Mood:—(1) Affirmative-** *Yes, certainly, truly, surely, absolutely, indeed, aye, really &c*; (2) **Negation**—*No, not, nay &c.* (3) **Probability and doubt**--*Perhaps, mayhap, probably, possibly, perchance, likely &c.*

(8) **Adverbs of Cause:**—*Therefore* (તે કારણથી), *thence, hence, wherefore, why, whence &c.*

